દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૧ વર્ષ

શુક્રવાર ૧૪ જૂન, ૨૦૨૪

# માત્ર લોકસેવા માટે રાજકારણમાં આવતા લોકોની વાત હવે ભૂલી જાવ

કેન્દ્રમાં નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ ત્રીજી વખત સરકાર રચાઇ છે. મોદીએ હાલમાં પોતાના મંત્રીમંડળમાં ૭૧ મંત્રીઓને શામેલ કર્યા છે. આ મંત્રીઓ અંગે એક જાણવા જેવી બાબત એ બહાર આવી છે કે નવી સરકારના ૯૯ ટકા મંત્રીઓ કરોડપતિ છે! મંત્રીમંડળના ૭૧ મંત્રીઓમાંથી ૭૦ મંત્રીઓ કરોડપતિ છે અને તેમની સરેરાશ મિલકત રૂ. ૧૦૭.૯૪ કરોડ થાય છે એમ ચૂંટણી અધિકાર સંસ્થા એડીઆરનો અહેવાલ જણાવે છે. આ મંત્રીઓમાંથી પણ છ મંત્રીઓએ તો ખૂબ મોટા પ્રમાણમાં મિલકતો જાહેર કરી છે જે દરેકની મિલકત રૂ. ૧૦૦ કરોડ કરતા વધી જાય છે એમ એસોસીએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ જણાવે છે. આ એડીઆર સંસ્થા દેશમાં ચૂંટણી સુધારાઓ અને લોકશાહી મૂલ્યો માટે કામ કરતી એક બિનસરકારી સંસ્થા છે અને તે દરેક ચૂંટણી વખતે અને સરકાર રચના વખતે ઉમેદવારી પત્રકો વગેરેના આધાર આવા આંકડા ભેગા કરીને આપણી સમક્ષ મૂકીને એક ઉમદા કાર્ય કરે છે કારણ કે તેના આ કાર્યને કારણે આપણને આપણા લોક પ્રતિનિધિઓની સારી નરસી બાબતો જાણવા મળે છે. આ તમામ કરોડપતિ મંત્રીઓની યાદીમાં ડો. ચંદ્રશેખર પેમ્માસાની ટોચ પર આવે છે. આ મંત્રીમંડળમાં તેમને ગ્રામ્ય વિકાસ ખાતાના અને સંદેશ વ્યવહાર ખાતાના રાજ્ય કક્ષાના મંત્રી બનાવાયા છે. તેમણે રૂ. ૫૭૦૫.૪૭ કરોડની મિલમતો જાહેર કરી છે. તેમની મિલકતોમાં રૂ. ૫૫૯૮. ૬૫ કરોડની જંગમ અને રૂ. ૧૦૮.૮૨ કરોડની જંગમ મિલકતોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બીજા પાંચ મંત્રીઓ એવા છે કે જેમની મિલકતો રૂ. ૧૦૦ કરોડ કરતા એટલે કે રૂ. એક અબજ કરતા વધી જાય છે.

અન્ય ટોચના ધનવાન મંત્રીઓમાં સંદેશ વ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ કુલ રૂ. ૪૨૪.૭૫ કરોડની મિલકતો જાહેર કરી છે જેમાં રૂ. ૬૨.૫૭ કરોડની જંગમ અને રૂ. ૩૬૨.૧૭ કરોડની સ્થાવર મિલકતો છે. કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને જેડી(એસ)ના નેતા એચ.ડી. કુમારસ્વામીને હાલમાં ભારે ઉદ્યોગ અને પોલાદ ખાતાના મંત્રી બનાવાયા છે જેમની પાસે કુલ રૂ. ૨૧૭.૨૩ કરોડની મિલકતો છે જેમાં રૂ. ૧૦૨.૨૪ કરોડની જંગમ અને રૂ. ૧૧૫. કરોડની સ્થાવર મિલકતોનો સમાવેશ થાય છે. રેલવે અને માહિતી પ્રસારણ ખાતાના મંત્રી અશ્વિની વૈષ્ણવે કુલ રૂ. ૧૪૪.૧૨ કરોડની મિલકતો જાહેર કરી છે જેમાં ૧૪૨.૪૦ કરોડની જંગમ અને રૂ. ૧.૭૨ કરોડની સ્થાવર મિલકતો છે. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ ખાતાના રાજ્ય કક્ષાના (સ્વતંત્ર હવાલો) મંત્રી રાવ ઇન્દ્રજીત સિંહે રૂ. ૧૨૧.૫૪ કરોડની મિલકતો જાહેર કરી છે. મુંબઇ ભાજપથી આવતા વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે રૂ. ૧૧૦. ૯૫ કરોડની મિલકતો જાહેર કરી છે. અને આ ઉપરાંત બાકીના ૬૪ મંત્રીઓની મિલકતો પણ એક કરોડ કરતા વધી જાય છે. વડાપ્રધાન મોદીને આ યાદીમાં ગણ્યા નથી. તેમની સાથે ૭૨ મંત્રીઓ થાય અને વડાપ્રધાન પણ એક કરોડ કરતા થોડી વધુ મિલકતો તો ધરાવે જ છે તેથી તેઓ પણ કરોડપતિ તો કહેવાય જ. ૭૧ મંત્રીઓના કરવામાં આવેલા વિશ્લેષણમાં જણાયું છે કે તેમાંથી જંગી ૭૦ મંત્રીઓએ તેઓ કરોડપતિની કક્ષામાં મૂકી શકાય તેટલી મિલકતો જાહેર કરી છે આ બાબત સૂચવે છે કે દેશની રાજકીય નેતાગીરી પાસે કેટલા નોંધપાત્ર પ્રમાણમાં સંપત્તિ ભેગી થઇ છે. આ અહેવાલ સૂચવે છે કે નવી કેન્દ્ર સરકારના આ કરોડપતિ મંત્રીઓની સરેરાશ મિલકતો રૂ. ૧૦૭.૯૪ કરોડ થાય છે. નવી સરકારના મંત્રીઓની શૈક્ષણિક લાયકાતની બાબતના આંકડા પણ એડીઆર દ્વારા જાહેર કરાયા છે અને તે થોડો આનંદ આપનારા છે ખરા કારણ કે મોટા પ્રમાણમાં મંત્રીઓ સારી શૈક્ષણિક લાયકાત ધરાવે છે. મુજબ મોદીના નવા મંત્રીમંડળના ૭૧ મંત્રીઓમાંથી ૧૧ જ મંત્રીઓએ તેમની શૈક્ષણિક લાયકાત ૧૨મુ ધોરણ પાસ હોવાની જાહેર કરી છે જ્યારે ૫૭ મંત્રીઓએ જાહેર કર્યું છે કે તેઓ ગ્રેજ્યુએટ કે તેથી વધુ ભણેલા છે એ મુજબ ચૂંટણી અધિકાર સંસ્થા એડીઆરનો એક નવો અહેવાલ જણાવે છે. નોંધપાત્ર બહુમતિ સંખ્યાના મંત્રીઓએ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ છે. અહેવાલ જણાવે છે કે ૮૦ ટકા મંત્રીઓ, જે સંખ્યા ૫૭ જેટલી થાય છે તેઓ સ્નાતક સ્તર કે તેથી વધુની શૈક્ષણિક લાયકાત જણાવે છે. વધુમાં સાત મંત્રીઓએ ઉચ્ચતર સ્તરની શૈક્ષણિક લાયકાત હાંસલ કરી છે જેઓ ડોકટરેટની પદવીઓ ધરાવે છે. પરંતુ આ મોટા ભાગના શિક્ષીત મંત્રીઓએ પણ નાણા બનાવવામાં તો બરાબર ધ્યાન આપ્યું જ છે તે જણાઇ આવે છે.

ગાંધીવાદ અને સમાજવાદની અસર હેઠળ પોતાનું હોય તે પણ ત્યાગીને માત્ર લોકસેવાના હેતુ સાથે ઘણા લોકો અગાઉ રાજકારણમાં આવતા હતા. આ રીતે જનસેવા ખાતર રાજકારણમાં આવતા, ધારાસભાઓ અને સંસદમાં ચૂંટાતા નેતાઓના જમાના હવે ગયા. હવે રાજકારણમાં આવવા માટેનો મોટા ભાગના લોકોનો હેતુ નાણા બનાવવાનો અને વગદાર બનવાનો હોય છે. દેશનો ઘણો મોટો વર્ગ જ્યારે હજી પણ સારી રીતે ગુજરાન ચલાવવા માટે સંઘર્ષ કરે છે ત્યારે ૯૯ ટકા કેન્દ્રીય મંત્રીઓ કરોડપતિ હોય એ બાબત જો ગંભીરતાપૂર્વક વિચારીએ તો કઠે તેવી લાગે છે પણ હવે તો લોકો પણ આ બાબતે ઝાઝી ચર્ચા કરતા નથી. અને રાજકારણમાં પડ્યા બાદ એવું તો શું થાય છે કે સામાન્ય સ્થિતિનો નેતા પણ થોડા જ વર્ષમાં કરોડપતિ બની જાય છે તે તો વળી જુદી જ ચર્ચાનો વિષય છે.

## ‘આજ’ માં જીવો

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક શેઠ ખૂબ જ શ્રીમંત. સાત પેઢી સુધી ખૂટે નહિ એટલી ધન દોલત.શેઠ બાહોશ વેપારી અને સતત વેપાર વધારતા જ  જતા હતા.જીવનમાં માત્ર કામ, કામ અને કામ જ અને વેપાર અને પેઢીના કામમાંથી નવરા તો ન જ પડે પણ જરા કામ ઓછું થાય તો તેમનું કામ હતું ચિંતા કરવાનું.સતત ચિંતા કરે કે આવતી કાલે હું નહિ હોઉં તો શું થશે? આજે આટલો મોટો ઓર્ડર મળ્યો છે અને ઘણો ફાયદો થશે, પણ હવે પછી આટલો મોટો ઓર્ડર નહિ મળે તો? મારાં સંતાનો મારા વેપારને વધારી નહિ શકે તો? શેઠ કાં તો કામમાં ગૂંથાયેલા રહે અને કામ પછી સતત ચિંતામાં રહે અને આવતી કાલે શું થશે તે જાણવા સતત જ્યોતિષીની પાછળ દોડે. આમ કામ અને સતત કાલે શું થશે ની ચિંતામાં રહેવાથી કારણ વિના તેમની તબિયત ખરાબ થવા લાગી.વજન ઓછું થવા લાગ્યું. શેઠાણી ઘણી ચિંતા કરતા કહેતાં હવે, ‘મૂકો તમે બધી કામની માથાકૂટ, છોકરાઓ સંભાળી લેશે.’ શેઠ તરત કહેતા, ‘અરે કોઈ ભૂલ કરશે અને કાલે મોટું નુકસાન જશે તો? મારે ધ્યાન અપાવું જ પડે.તને ખબર ન પડે.’ શેઠાણી જાજરમાન અને સમજુ સન્નારી હતાં. બહુ ભણેલાં નહિ, પણ જીવનમાં ગણેલાં હતાં. તેમણે ત્યારે પતિ સાથે કોઈ માથાકૂટ કરી નહિ.તેમને આરામ કરવા કહી ત્યાંથી ચાલ્યા ગયા અને શેઠ આવતી કાલે શું થશે તેની ચિંતામાં બેસી રહ્યા. બીજે દિવસે સવારે શેઠે ઊઠીને કહ્યું, ‘જલ્દી નાસ્તો આપી દે, આજે વહેલું પેઢીએ પહોંચવું છે.’ શેઠાણીએ નાસ્તામાં ડીશમાં લખીને આપ્યું ‘આવતી કાલે નાસ્તો ઈડલી સંભાર છે.’ શેઠ બોલ્યા, ‘આ શું મજાક છે?’ શેઠાણી બોલ્યાં, ‘સાહેબ, આવતી કાલની જાણકારી છે.’ શેઠ ખીજાઈને બોલ્યા, ‘આવતી કાલે જે બનવાનું હોય તે, અત્યારે જે બનાવ્યું હોય તે આપ. મને ભૂખ લાગી છે અને મોડું પણ થાય છે.’ શેઠાણી બોલ્યાં, ‘પણ તમે જ તો કહો છો કે આવતી કાલની જાણકારી રાખવી બહુ જરૂરી છે.એટલે મેં તમારા માટે જરૂરી જે છે તે કર્યું.’ શેઠ શેઠાણી સામે જોઈ રહ્યા. શેઠાણી બોલ્યાં, ‘સાહેબ, અત્યારે નાસ્તો ઉપમા છે અને ગરમ બને છે. હમણાં જ પીરસું છું બેસો અને મન શાંત રાખી મારી વાત સાંભળો.સતત આવતી કાલની ચિંતા કરવી,આવતી કાલે શું થશે તે જાણવા મથામણ કરવી,એ જિંદગી નથી. આજમાં જીવવું એ જિંદગી છે.આજને, આ ઘડીને પ્રેમથી જીવવી,ખુશીથી માણવી, જિંદગી છે, કાલે શું થશે તેની ચિંતામાં તમે તો આજને જીવવાનું જ ભૂલી ગયા છો.કામ કરો, પણ સતત દોડવાનું ઓછું કરો.આવતી કાલે શું થશે તે તમે જાણી શકવાના નથી અને જે થશે તે બદલી શકવાના પણ નથી, તો પછી જે આપના હાથમાં જ નથી તેની ચિંતા શા માટે? આવતી કાલને ભગવાન ભરોસે છોડો અને ભગવાને આટલી સુંદર જિંદગી આપી છે તે બે ઘડી મન ભરીને માણી લો. તમારો ભાવતો ઘીવાળો ઉપમા તૈયાર છે. શાંતિથી નાસ્તો કરો.’ શેઠાણીએ શેઠને સ્નેહથી સાચી વાત સમજાવી.

# રણમાં પહોંચ્યા બાદ વેડફાતું નર્મદાનું પાણી

## કહેવાની વાત

**નેહા શાહ**

**નર્મદાનું પાણી આયોજનના અભાવે વેડફાઈ જતું હોય તો તંત્ર અને સમાજ ભેગા થઈને આચરેલું ગુનાહિત કૃત્ય લાગે છે. આ સાચા અર્થમાં કરદાતાના પૈસાનો વ્યય છે, જેનો વાંધો દરેક નાગરિકને પડવો જોઈએ. આ પ્રશ્ન તાત્કાલિક ઉપાય માંગી લે છે**

“ભર ઉનાળે, મે મહિનામાં સુરેન્દ્રનગરના ખારાઘોડા વિસ્તારમાં વગર વરસાદે પૂર આવ્યાં.” આવું કોઈ સાંભળે તો કહે કે કહેતા ભી દિવાના ઔર સુનતા ભી દિવાના અને વાતને ફગાવી દે. આમ તો આ વાત તર્કહીન જ લાગે, કારણ કે હંમેશા પાણીની અછતને કારણે ચર્ચામાં રહેતા વિસ્તારમાં વગર વરસાદે પૂર કેવી રીતે આવે? તમને જાણીને આશ્ચર્ય થશે કે આ કોઈ ટાઢા પોરની ગપ નથી - હકીકત છે. પૂરનાં પાણી કુદરતે નથી વરસાવ્યાં, પણ નર્મદાના કચ્છ સુધી પહોંચેલા પાણીના ગેરવહીવટનો પ્રતાપ છે. તે પણ કોઈ એકાદ વખત બનેલી ઘટના નથી, પણ દસ વર્ષ કરતાં  વધારે સમયથી વર્ષે બે થી ત્રણ વાર  બનતી ઘટના છે. મીઠાં પાણીને ખારું બનાવી દેતા આ ગેરવહીવટનો ભોગ મીઠું પક્વતા અગરિયા વારંવાર બને છે.

પાણી કેટલી રીતે વેડફાય છે એ સમજવા જેવું છે. દિવાળી પછીના સમયમાં આ સૂકા ભઠ વિસ્તારમાં પાણીની અછત સર્જાય એટલે ખેડૂતો પાસેથી નર્મદાનાં પાણીની માંગ ઊભી થાય. જે માટે નહેરમાં પાણી છોડવામાં આવે. જરૂર કરતાં વધારે પાણી છોડાય એટલે પાણી ત્યાંની નાની નદીઓ અને વહોળામાં થઈ રણ સુધી પહોંચી જાય. કારણકે, અહીંની બધી નાની નદીઓ રણમાં જ મળે છે. સુરેન્દ્રનગર અને બનાસકાંઠાનાં છેવાડાનાં ગામો સુધી નર્મદાની મુખ્ય નહેર પહોંચી છે પણ નાની નહેરો બનવાની બાકી છે એટલે છોડેલું પાણી ખેતરમાં પહોંચવાને બદલે રણમાં ઘૂસી જાય છે. બીજું, મચ્છુ અને બામણી નદી પરના બંધમાં ભરેલું પાણી અવારનવાર બંધની સલામતીનાં કારણોસર છોડવું પડે છે. સવાલ થાય છે કે એટલું પાણી ભરવું જ શું કામ જોઈએ કે જેના કારણે બંધની સલામતી જોખમાય? જેને માણસના ઉપયોગ વગર વહાવી દેવું પડે?

આ વર્ષે તો ગેરવહીવટની હદ થઈ. મચ્છુ નદીના બંધના દરવાજા પર સમારકામની જરૂર હતી જે અંગેની અરજી સિંચાઈ વિભાગે ડિસેમ્બર મહિનામાં કરી હતી. મંજૂરી આવતાં આવતાં એપ્રિલ થઈ ગયો. આ દરમ્યાન બંધમાં પૂરેપૂરું પાણી ભરી દેવામાં આવ્યું. સમારકામની મંજૂરી મળતાં જ કામ ચોમાસું શરૂ થાય એ પહેલાં પૂરું કરવું પડે, જે માટે બંધમાં ભરેલું પાણી ખાલી કરવું પડ્યું. લાખો ક્યુસેક પાણી નહેરો અને વહોળા થકી છોડી દેવામાં આવ્યું અને પાણીથી તરસતા વિસ્તારને પીવાનું મીઠું પાણી તો ન મળ્યું, પણ રણના ખારા પટ પર ચાલીસેક કિલોમીટર અંદર ઘૂસી નર્મદાનું પાણી વેડફાઈ ગયું! સાથે સાથે મીઠું પકવતા આશરે 400 જેટલા પાટાને નુકસાન થયું, જેમાં પાટા દીઠ ગરીબ અગરિયાને લાખેક રૂપિયાનું નુકસાન થયું! આ ગેરવહીવટ ના કહેવાય તો બીજું શું કહેવાય? એક અંદાજ પ્રમાણે સમગ્ર ઝાલાવાડ વિસ્તારની ખેતીને આખું વર્ષ જોઈએ એનાથી પણ વધારે નર્મદાનું મીઠું પાણી સરદાર સરોવરથી લગભગ 350 કિ.મી.નું અંતર કાપીને કચ્છના રણમાં ખારું થઈ વેડફાઈ જાય છે! આ જ વિસ્તારમાં સૌથી વધુ મીઠું પાકે છે. અગરિયાઓ દિવાળી પછી મીઠું પકવવાનું કામ શરૂ કરે છે. જ્યારે આ પાણી રણમાં ફરી વળે ત્યારે તેમને માટે આવતાં પીવાનાં મીઠાં પાણીનાં ટેન્કર પણ આવી શકતાં નથી, જેથી પીવાના પાણીનો પ્રશ્ન સર્જાય છે. અગરિયાના પરિવારના આરોગ્ય માટે આવતી હેલ્થ વાન પણ આવી શકતી નથી. બાળકો શાળા સુધી પહોંચી શકતાં નથી. પરિણામે ઘણા આર્થિક નુકસાન ઉપરાંત પાયાની સુવિધાઓ ખોરવાતી હોવાને કારણે અગરિયાઓને રણમાંથી હિજરત કરવાની જરૂર પડે છે. નર્મદા યોજના એટલા માટે બનાવી હતી કે જેથી ઉત્તર ગુજરાત અને કચ્છના સૂકા વિસ્તાર સુધી પાણી પહોંચાડી ત્યાંનાં લોકોની તરસ છીપાવી શકીએ. આ માટે હજારો કરોડોનો ખર્ચ થયો છે અને લાખો આદિવાસી પોતાના ઘરથી વિસ્થાપિત થયાં છે.ઉપરવાસમાંથી સ્થળાંતરિત થયેલાં આદિવાસીઓએ ભોગવેલી અગવડની કિંમત પણ જો નર્મદા યોજના પાછળ થયેલા ખર્ચમાં ઉમેરીએ તો આંકડો ઘણો ઊંચો જાય. દુર્ભાગ્યની વાત જુઓ કે વર્ષોની મહેનત અને બેસુમાર ખર્ચ પછી પાણીના પ્રબંધમાં બેદરકારીને કારણે લાખો ક્યુસેક પાણી લોકોને રાહત નહીં, પણ આફત પહોંચાડે છે. બોલો, આનાથી મોટી કમબખ્તી શું હોઈ શકે?

પાણીની અછતની ગંભીરતાને કારણે આપણે ઘર-વપરાશમાં પણ એક એક બુંદ બચાવીએ છીએ ત્યારે નર્મદાનું પાણી આયોજનના અભાવે વેડફાઈ જતું હોય તો તંત્ર અને સમાજ ભેગા થઈને આચરેલું ગુનાહિત કૃત્ય લાગે છે. આ સાચા અર્થમાં કરદાતાના પૈસાનો વ્યય છે, જેનો વાંધો દરેક નાગરિકને પડવો જોઈએ. આ પ્રશ્ન તાત્કાલિક ઉપાય માંગી લે છે. અગરિયા હિતરક્ષક સમિતિ નામક બિનસરકારી સંસ્થાના આ વિસ્તારમાં કામ કરે છે. તેમના કાર્યકર્તાના કહેવા અનુસાર સરદાર સરોવર નિગમ અને ગુજરાત સરકારે તાજેતરમાં આ માટે એક સમિતિની રચના તૈયાર કરવાની મંજૂરી આપી છે જે રાહતની વાત છે. આ સમિતિમાં વિવિધ ક્ષેત્રના નિષ્ણાત હશે, જેમાં બંધનાં પાણીનાં આયોજન,ખારાપટની જમીનની સંરચના સમજનાર ભૂસ્તરશાસ્ત્રી, સમાજશાસ્ત્રી તેમજ સામાજિક કાર્યકર હશે. સમિતિનાં સૂચનો આધારિત ઝડપથી નિર્ણય લેવાય, જેથી ખેડૂતોને મહત્તમ પાણી મળે, અગરિયાને થતું નુકસાન અટકે અને રણમાં વેડફાઈ જતું પાણી બચે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# નવી સરકારના પડકારો અને અગ્રતા ક્રમનાં કામો

## રાજ કાજ ગુજરાત

**કાર્તિકેય ભટ્ટ**

**અગ્નિવીર જેવી  કોન્ટ્રાક્ટ સિસ્ટમોના તુક્કા નહીં ચાલે, યુવાનો રોજગારી માગે છે. નક્કર રોજગારી આપો. જૂની પેન્શન યોજનાની માગ પણ ગંભીરપણે  વિચારવી પડશે અને મોંઘવારી તો વધતી જ જાય છે તે કાબૂમાં લો, નહીં તો આવનારી વિધાનસભાની ચૂંટણીમાં ઘણું ગુમાવવાનું થાશે**

ભારતમાં નવી સરકારનું ગઠન થઇ ગયું છે. એન ડી એ ની સરકાર બની છે અને વડા પ્રધાન તરીકે શ્રી નરેન્દ્ર મોદીએ ત્રીજી વખત દેશનું સુકાન સંભાળ્યું છે. સમૂહ માધ્યમોને ચર્ચાનો નવો વિષય મળ્યો છે કે ગઠબંધન સરકાર લાંબુ ખેંચશે કે નહિ. જો કે આ ચર્ચાનો કોઈ અર્થ નથી. ભાજપ પાસે 240 સીટ છે અને જે બે પાર્ટીએ ટેકો આપ્યો છે તેમની પાસે એવી કોઈ સંખ્યાશક્તિ નથી કે તે ભાજપને હંફાવી શકે. ઉલટાનું પોતપોતાના રાજ્યમાં કેન્દ્રમાંથી વધારે લાભ મેળવવા માટે તેઓ આ જોડાણમાં જોડાયેલા રહે તે તેમના લાભમાં છે. આવનારા સમયમાં મહારાષ્ટ્ર અને બિહાર હરિયાણામાં ચૂંટણી છે ત્યારે શું બને છે તે જોવાનું છે. જો રાજકીય વ્યૂહરચના મુજબ વિચારીએ તો ભાજપે અત્યારથી જ બિહાર નીતીશ કુમારના હવાલે કરી દીધું છે એટલે બિહારમાં ભાજપની સત્તા તો નથી જ આવવાની તે નક્કી થઇ ગયું છે અને યુપીમાં સમાજવાદી પાર્ટી મજબૂત બની છે તે દેખાઈ રહ્યું છે.

આ ચૂંટણી પરિણામો સત્તામાં રહેલી ભારતીય જનતા પાર્ટીને કેટલાક સંદેશ આપે છે. આ સંદેશાઓ કાન માંડીને સાંભળવા જેવા છે. સૌ પ્રથમ તો જે અયોધ્યામાં રામ મંદિર નિર્માણના આંદોલનથી દેશમાં ભાજપ મજબૂત બન્યો, જેના નામે ૨૦૧૪ અને ૨૦૧૯ માં બહુમતીવાળી સરકાર બની તે જ રામ મંદિરના ઉદ્ઘાટન પછી તરત યોજાયેલી ચૂંટણીમાં ભાજપ અયોધ્યા સીટ જ હારી ગયું! આવું જ ૧૯૯૨ માં વિવાદિત ઢાંચો તોડી પાડવામાં આવ્યો ત્યારે થયું હતું. કલ્યાણસિંહની સરકાર હારી હતી.

આ લોકશાહી છે. અહીં એક અને એક બે નથી થતું. અટલબિહારી બાજપાઈની સરકાર વખતે ઈન્ડિયાશાઈનીંગ બહુ ચગ્યું હતું. મિડિયાના ગણતરીબાજો એ સમયે પણ કંઈક જુદા ગણિત જ આપતા હતા, પણ ભાજપ હાર્યું હતું. આવું જ આ વખતે મોદીની ગેરંટીમાં થયું. ભારતમાં ગેરંટી માત્ર બંધારણ આપી શકે છે, કોઈ પક્ષ કે વ્યક્તિ આપી શકતું નથી. આ પ્રથમ મુદ્દો સમજવા જેવો છે તે એ કે રોડ શો કરો એના કરતાં રોડ ઉપર પેટિયું રળી ખાનારાંની ચિંતા કરો. તમે વાર તહેવારે ઉદ્ઘાટન, રોડ શો, મહોત્સવ અને એ પણ વ્યક્તિકેન્દ્રી કર્યા કરો તો આ દરમિયાન આખો વિસ્તાર બ્લોક કરી નાંખવામાં આવે, રસ્તા પરના ફેરિયાઓ હટાવી દેવામાં આવે, ધંધા રોજગાર બંધ રાખવામાં આવે તો સ્વાભાવિક છે કે આ લોકોના મત વિરુદ્ધમાં જાય જ.

આ ચૂંટણીનાં પરિણામો બે બીજી વાતો સમજાવે છે. એક તો આપણે આ લેખમાં લખી હતી કે ભાજપમાં હવે બીજો પ્રવાહ મોટો થવા માગે છે. નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્ય મંત્રી હતા ત્યારથી તેમણે ભાજપની ભગિની સંસ્થાઓ ગણાતી બજરંગ દલ અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યક્રમો નિયંત્રિત કર્યા હતા. બંધનાં એલાનો, દેખાવો અને ધાર્મિક ઉન્માદવાળા કાર્યક્રમો પર નિયંત્રણ આવ્યું હતું. મોદીએ આર્થિક વિકાસ ,વિદેશી મૂડીરોકાણ વગેરે બાબતો મોટી કરી પોતાની પ્રગતિશીલ છબી ઊભી કરી, જેનો ફાયદો પણ થયો. કેન્દ્રમાં બે ટર્મ સરકાર રહ્યા પછી હવે આ પરિબળો છેલ્લા ઘણા સમયથી સપાટી ઉપર આવવા મથી રહ્યા છે અને માટે જ અયોધ્યાના પરિણામ પછી હિન્દુઓને જ બદનામ કરતા મેસેજનું પૂર આવ્યું તો ભાજપના જ લોકોએ કહેવું પડ્યું કે ખમૈયા કરો.

ખેર, ભાજપે આ ઉગ્ર જૂથને કાબૂમાં રાખવું પડશે. વળી ગુજરાતમાં જે સરળતાથી નેતાઓની ફેરબદલીથી માંડી ટીકીટ વહેંચણીમાં દાદાગીરી ચાલે છે તે યુપી, રાજસ્થાન અને હરિયાણામાં ચાલી નથી. ત્યાં જે પરિણામો આવ્યાં છે તે ભાજપના આંતરિક મુદ્દાઓને કારણે જ આવ્યાં છે એટલે ભાજપે હવે તેની કાર્યશૈલી બદલવી જરૂરી છે. એક તરફ રાષ્ટ્રીય ભાવનાની વાતો કરવી, બીજી તરફ બે ગુજરાતીનો નારો ચલાવવો કેટલો યોગ્ય?

આ ચૂંટણી સ્પષ્ટ સંદેશ આપે છે કે અગ્નિવીર જેવી કોન્ટ્રાક્ટ સિસ્ટમોના તુક્કા નહીં ચાલે, યુવાનો રોજગારી માગે છે. નક્કર રોજગારી આપો. જૂની પેન્શન યોજનાની માગ પણ ગંભીરપણે  વિચારવી પડશે અને મોંઘવારી તો વધતી જ જાય છે તે કાબૂમાં લો, નહીં તો આવનારી વિધાનસભાની ચૂંટણીમાં ઘણું ગુમાવવાનું થાશે.

આ સરકાર  સાંજે તુક્કો આવે, રાત્રે અધિનિયમ બહાર પડે અને પછી કાયદો ઘડાય તે રીતે નહિ ચાલી શકે. હવે પહેલાં કાયદો બનશે, પછી જ અમલ થશે. લોકશાહી છે જ નિરાંતે નિર્ણય લેવા માટે. વેપારીઓ અને ઉદ્યોગપતિઓ કે સ્થાપિત હિતો તો ઈચ્છે જ કે સરકાર કોઈને પૂછ્યા વગર અમે કહીએ તેમ કરે, પણ સાચું તો એ જ છે કે કોઇ પણ નિર્ણય સમગ્રનો વિચાર કરીને લેવાય. આપણે આશા રાખીએ કે તોડજોડના યુગનો અંત આવે. વિશ્વની મોટામાં મોટી પાર્ટી બનવાની દોડમાં ભાજપ પૂર્ણ બહુમતવાળી પાર્ટી ના બની શકી. એ અગત્યની વાત ઘણું કહી જાય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

## ચર્ચાપત્ર

### ઈતિહાસમાંથી બોધપાઠ થલો

શ્રીલંકામાં વિભીષણ ન હોત અને અયોધ્યામાં મંથરા ન હોત તો મહાભારત અને રામાયણનું સર્જન જ ન થયું હોત. આ તો સમાજદર્શન છે. આપણે કદી ઉપરોક્ત ઈતિહાસમાંથી બોધપાઠ લીધો નથી. જો લીધો હોત આપણે બધા જ સ્વર્ણિય આનંદમાં વિહરતા હોત. માનવસ્વભાવ એવો વિચિત્ર હોય છે કે કદી ન કલ્પેલું અનુભવવા મળે છે. સંપત્તિદર્શન અને સંપત્તિ ઉપાર્જન માટે કેવા રીઢા કબાડાં થાય છે તે આપણું મિડિયા મોટા મથાળે છાપે છે. રસપૂર્વક વાંચન કરવામાં આપણે કિંમતી સમય વેડફી રહ્યા છીએ.

**અડાજણ - અનિલ શાહ**

### બનાસની બેન

છેલ્લા ત્રણ દાયકાથી ભાજપ રાજ્યમાં સત્તા પર છે. ગુજરાત ભાજપનો ગઢ અને ભાજપની રાજનીતિની પ્રયોગશાળા છે.એમાં પણ છેલ્લી બે લોકસભામાં ૨૬/૨૬ બેઠકો પ્રાપ્ત કરી કોંગ્રેસને સાફ કરી દીધી હતી.આ વખતે ક્લીન સ્વિપની હેટ્રિક કરવાની વાત તેમજ દરેક બેઠક પાંચ લાખથી વધુ લીડ સાથે જીતવાની વાતો હતી.એવામાં બનાસકાંઠાના સામાન્ય પરિવારમાંથી આવતાં ગેનીબેન કે જે ઈમાનદાર અને પ્રજાવત્સલ સ્વભાવ તેમજ જમીન સાથે જોડાયેલ નેતા છે. તેમણે આ ઐતિહાસિક જીત મેળવી ભાજપના ભુક્કા કાઢી નાખ્યાં છે.એકલા હાથે મોદીજીની સામે લડવું અને જીતવું એ ખરેખર વિશ્વવિક્રમ બનાવવાથી ઓછું નથી. બનાસકાંઠાની પ્રજા પણ અભિનંદનને પાત્ર છે કે જેમણે આ જુમલા બાજીમાંથી મુકિત મેળવી અને લોકનેતાને સંસદમાં મોકલ્યા છે. બનાસકાંઠા ખેતી અને પશુપાલનમાં આગળ પડતો જિલ્લો છે.તેમ છતાં જેટલો વિકાસ થવો જોઈએ તેટલો હજી સુધી થયો નથી. ભાજપનું સંગઠન પણ જોઈએ તેવું મજબૂત નથી.જે હોય તે, પરંતુ હાલ તો બનાસનાં બેન તરીકે ઓળખાતાં ગેનીબહેને ઈતિહાસ રચ્યો છે અને એ સાબિત કરી બતાવ્યું છે કે જો તમે ઈમાનદારીથી લોકોનાં કામ કરતાં હો,લોકોનો અવાજ બનતાં હો તો સામે ગમે તેટલો મોટો પક્ષ હોય કે વિશ્વગુરુ હોય, પરંતુ તમારી જીત નક્કી છે.પક્ષ કે પક્ષના મોટા નેતાઓની ચાપલૂસી કરી કોઈ લોકનેતા ન બની શકે.

**સુરત - કિશોર પટેલ**

### પ્રજાએ સ્વીકારેલી દારૂબંધી

યુ એ ઇ ના અબુધાબીમાં બીયર બનાવવાની ફેક્ટરી શરૂ કરવામાં આવી છે. ઈસ્લામમાં દારૂ પીવા પર સખત પાબંધી છે તેમ છતાં યુ એ ઇ માં પર્યટકોને આકર્ષવા માત્ર પર્યટકો માટે જ  બીયરની ફેક્ટરી ચાલુ કરવાનું લાઇસન્સ અપાતાં અબુધાબીમાં બીયર બનાવવાની અને પીવાની મંજૂરી આપી છે. અબુધાબીમાં આવતાં પર્યટકો શું ખાય છે અને  શું પીવે છે તેનું સરકાર બરાબર ધ્યાન રાખે છે અને તે બદલાયેલા જમાના પ્રમાણે ચાલે છે, જ્યારે આપણા ગુજરાતમાં છેલ્લાં 63 વર્ષથી દારૂબંધી અમલમાં  છે છતાં ગુજરાતમાં તમામ  શહેરો અને અપવાદ સિવાય દરેક ગામના ખૂણે ખૂણે  દારૂ મળતો હોય ત્યારે દારૂબંધીની સફળતા વિશે તો કંઈ બોલવા જેવું રહેતું નથી. ગુજરાતમાં સમયાંતરે કયારેક દૂધના કન્ટેનરમાં તો કયારેક સીમેન્ટના કન્ટેનરમાં કે ગાડીમાં બનાવેલા ચોરખાનામાં ટ્રેન કે બસ મારફતે અમુક  મુસાફરો પણ ગેરકાયદે દારૂ લાવતા હોય છે અને ગુજરાતમા તે દારૂ પીવાતો રહે છે ત્યારે ગુજરાતમાં દારૂબંધીનો  કાયદો માત્ર કાગળ પર જ રહી જાય છે.  અબુધાબી જેવા મુસ્લિમ દેશ પોતાને ત્યાં આવતાં પર્યટકો માટે બીયરની સગવડ કરી આપતા હોય  તે જોતાં ગુજરાત સરકારે પણ દારૂ પીનારાં  નાગરિકો માટે દારૂબંધી હટાવી લેવી જોઈએ. દેશનાં અન્ય રાજ્યોમાં અને ગુજરાતના પડોશી તમામ રાજ્યોમાં દારૂ  છૂટથી પીવાતો હોય અને દેશની બહુમત પ્રજા છૂટથી દારૂ પીતી હોય અને ગુજરાતમાં જ દારૂબંધી હોય તો તે કાયદો ગુજરાતની પ્રજા માટે લાંછન સમાન છે અને તે પણ લોકશાહી  હોવા છતાં આવી પાબંધી? ગુજરાત રાજ્યની દારૂબંધી  ગુજરાતની પ્રજાની સ્વતંત્રતા પર તરાપ મારવા બરાબર છે. બળજબરીથી ઠોકી બેસાડવામાં આવેલી દારૂબંધીના કારણે દારૂ પીનારા ગુજરાતીઓ વીસ ત્રીસ રૂપિયામાં પ્લાસ્ટિકની કોથળીમાં વેચાતો દારૂ તે દારૂ નહીં મોત ખરીદીને તે દેશી કે ઇંગ્લીશ ખૂણે ખાંચરે જેવો મળે તેવો ઝેર જેવો દારૂ પીવે છે પરંતુ ખોંખારો ખાઈને પોતાના હકને માટે દારૂબંધી હટાવવા બહુમતીથી લડવાની  ત્રેવડ બતાવતા નથી તે જોતાં એવું લાગે છે કે ગુજરાતની દારૂ પીનારી  પ્રજાએ નત મસ્તકે દારૂબંધી સ્વીકારેલી છે તે આવનારા સમયમાં  હટવાની નથી તેવું સ્પષ્ટ દેખાય છે.

**સુરત - વિજય તુઈવાલા**

### સરકાર ખેડૂતોને વહારે આવશે??

ખેડૂત સમૃધ્ધ બને તો દેશ પણ સમૃધ્ધ બને છે. પરંતુ જ્યારે કોઈ કુદરતી આપત્તિ આવે છે ત્યારે ગુજરાતના ખેડૂતોને રાજ્ય અને કેન્દ્રની સહાય માટે વલખાં મારવા પડે છે. સરકાર નુકશાન સહાયના વચનો આપે છે પરંતુ સહાય મળતી નથી. અત્યારે તો પાક વીમા યોજના પણ બંધ પડેલી છે. તેથી ખેડૂતોને આના રૂપિયા મળતા નથી. કેન્દ્ર સમક્ષ ડિસેમ્બર 2022માં અતિવૃષ્ટિ સહાય પેટે 152.99 કરોડ અને જુલાઈમાં બિપોરજોય વાવાઝોડાથી થયેલા નુકસાન માટે 700.42 કરોડ રૂપિયાની માંગણી કરવામાં આવી હતી પરંતુ આજદિન સુધી અસરગ્રસ્તોને આ સહાય મળી નથી! રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર ખેડૂતોને વહારે આવશે?

**પાલનપુર - મહેશ વી. વ્યાસ**

### વિશ્વ રક્તદાન દિવસ

દર વર્ષની 14મી જૂન રોજ ઉજવાતા વિશ્વ રક્તદાન દિવસે જે વ્યક્તિઓને 50 કે 100 થી વધુવાર રક્તદાન કર્યુ છે તેઓના આભાર માનવાનો અને અભિનંદન આપવાનો દિવસ છે. રક્ત (લોહી) કોઇ ફેક્ટરી બનતું પ્રવાહી નથી નહીં તો તે પણ બ્લેકમા વેચવું પડે તેટલી માંગ રોજે રોજની રહે છે. પણ ભલુ થજો સ્વૈચ્છિક રક્તદાન કરતા રક્તદાતાઓ અને રક્તદાન શિબિરનું આયોજન કરી અજાણ્યા માનવ જીવને ઉપયોગી લોહી મળી રહે તે માટે તન-મન ધનથી સેવા આપનારનું. બ્લ્ડ બેંકમા સુરક્ષિત રક્ત અને રક્તના ઉત્પાદનો (ઘટકો)ની જરૂરીયાત વિશે વૈશ્વિક જાગૃતિ લાવવા અને વિશ્વ આરોગ્ય અનુસાર સ્વૈચ્છિક અને અવેતન રક્તદાતાઓ માટે તેમના જીવનરક્ષક લોહીની ભેટ માટે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટેનો પણ દિવસ છે. રક્તદાન એક એવું દાન છે કે જીવન મરણ વચ્ચે ઝોલા ખાતા માનવદેહને નવ-જીવન રક્ત દ્વારા આપવામાં આવે છે. રક્તદાન કરવું એ માનવ સેવા છે જ પણ રક્તદાતાઓને માટે પણ લાભ કર્તા છે જેમ કે રક્તદાન કરવાથી સ્ટ્રેસ લેબલ ઘટે છે અને મેન્ટલી હેલ્થી રહેવાય છે. હાર્ટએકેટ અને હાર્ટ સ્ટરોકનો ખતરો ઓછા થાય છે. દુનિયા ભરમાં સારવાર દરમિયાન લોહીની કમીથી દર વર્ષે લાખો લોકોના મોત થાય છે તે જાણીને આપણે સૌને આશ્ચર્ય થાય તેવી દુર્ઘટના છે. જ્યારે કોઇ વ્યક્તિ બ્લડ અને પ્લાઝમાં ઘન કરે છે ત્યારે એક જીવન રક્ષક તરીકે બીજાનો/ અજાણ્યાનો જીવ બચાવવાનું કામ કરે છે. (HB) લેવલ પણ સારુ રહે છે. વાર-તહેવાર કે પોનતાની વર્ષગાંઠના દિવસે રક્તદાન કરી/કરાવી સાથી મિત્રોને પ્રોત્સાહિત કરી સીધા જ બ્લડ બેંકમાં કે શિબિરનુ આયોજન કરી 10-20 યુનિટ (બોટલ)થી પણ આ સેવાનુ કાર્ય કરી શકાય છે. કંઇ બ્લડ બેંકમાં રક્તનદાન કરવા કરાવવાથી જરૂરીયાતમંદોને ખૂબ જ ઓછા દરે બ્લડ યુનિટ મળી શકે છે. તે પણ તપાસ કરી સરકારી કે  અર્ધસરકારી બ્લડ બેંકમા સ્વૈ. રક્તદાન કરી ખરેખર જ માનવીય મૂલ્યને ઉજાગર કરી આ કરવા જેવી સેવા યુવા જગત ઉપાડી લેતો ઘણા માનવ જીવો મોતના મૂખમાંથી લાવી કોઇનો લાડકવાયો કે યુવાનનો પરિવાર બચાવવાની દુર્લભ સેવાની તક ઝડપતા થાય તે હેન્ડથી વિશ્વ રક્તદાન દિવસની ઉજવણી કરવામા આવે છે ત્યારે ચાલો 14મી જૂને સ્વ. રક્તદાન કરીએ અને કરાવીએ.

**સુરત - પરેશ ભાટિયા**